## હા... સાહેબ !

"લ્યો સાહેબ... અંબાજીનો પ્રસાદ..."

"શું માતાજીની ધજા ચડાવી આવ્યા..?! સંઘમાં ગયા'તા કે એકલા..?"

"હા... સાહેબ હું દર ભાદરવી પૂનમે જગતજનનીના ચરણે માથુ ટેકવવા જાઉ છુ...! સંઘમાં જ જાઉ છું અને ભક્તિમાં તરબોળ બનીને માના મંદિરીયે પહોંચીએ છીએ..."

"ઓ...હો... બહુ મોટી વાત કરી દીધી શ્રદ્ધાની..!"

"હા... સાહેબ...હા... શ્રદ્ધા અને વિશ્વાસ વિનાનુ જીવન એ જીવન જ નથી... એ ઉંબરાવાળી મા હોય કે ડુંગરાવાળી મા હોય..!! એ હિંચકે ઝુલતો મારો દાદો હોય કે સોમનાથનો ભોળિયો શંકરદાદો હોય..!!"

"સાચી વાત..!! અને એટલે જ શ્રદ્ધા અને શ્રાદ્ધની કડી ભાદરવી પૂનમે જ જોડાય છે... ખરૂ ને..?!"

"અમને સાહેબ આવી બધી ખબર ના પડે..! અમે તો મા-બાપને ભુલશો નહિ એ 'ભાવ'ના ભક્ત છીએ..! પેલા વૃદ્ધાશ્રમોમાં પીડાતા મા-બાપોના સંતાનો જેવા નહીં..!!"

"પણ શું કરે મા-બાપ..?! ઘરમાં એમને સાંભળવાવાળું કે સંભાળવાવાળુ હોય નહિ એમની ઉંમર વધવાની સાથે સાથે એમની સાથેની લાગણીઓ ઘટતી જાય... અપેક્ષિતના સ્થાને ઉપેક્ષિત થતાં હોય ત્યારે મા-બાપ વૃદ્ધાશ્રમમાં ના જાય તો જાય ક્યાં..?!"

"અરે સાહેબ...! તમે આ શહેરના સુધરેલા સમાજની હાલત તો જુઓ..! જે મા-બાપનું સ્થાન ડ્રોઈંગરૂમમાં હોવુ જોઈએ એ સ્ટોરરૂમમાં થઈ ગયું છે... અને જે ઈડિયટ બોક્સનું સ્થાન સ્ટોરરૂમમાં હોવું જોઈએ તેને ડ્રોઈંગરૂમમાં સ્થાન મળ્યું છે..!! એટલેથી નથી અટકતું સાહેબ..! જે દિવસે પેન્શનની રકમ જમા થાય એ વખતે દિકરા અને વહુનો કકળાટ શરૂ થાય..!?"

"શું વાત કરો છો..?!"

"હા... સાહેબ હા... કહેવાતા શિક્ષિત અને સંસ્કારી સમાજની આ કલંક કથાઓ છે... કોની કહું અને કોની છોડું.... ઘેર ઘેર માટીના ચુલા છે."

"અરરરર... કરૂણતા કહેવાય આપણા સમાજની..!"

"સાહેબ કરૂણતા તો ત્યારે છે કે જીવતા દૂધનો ગ્લાસ ના આપે બાપાને કે બા ને અને આજે શ્રાદ્ધના દિવસે ખીર બનાવીને કાગવાસ નાખે..!! અને પિતૃ તર્પણનો દંભ કરે..!!"

"કહેવું પડે... બહુ મોટી વાત કરી હોં..!! સામાજીક ક્રાન્તિઓની વાતો કરનારાઓ... સામાજીક સંગઠનોના કહેવાતા નેતાઓ... મોટા મોટા હોદ્દાઓના ટેકણે જીવતા અને સમાજમાં રૂઆબ જમાવતાં જીવનોની આ વાસ્તવિકતા કડવી લાગે તેવી વાત.. કઠે તેવી વાત કહેવી પડે છે... અને લખવી પડે છે એ પણ શરમની વાત છે..."

"જુઓ ભઈ હું તો આપણી ચર્ચાના માધ્યમથી કહેવા માંગુ છુ કે, બે પૈસા આવી જાય તો છકી ના જવું... મોટો હોદ્દો મળે એટલે 'તોર'માં ના આવવું... આપણે જે છીએ તે મા-બાપના કારણે છીએ તે ભુલી ના જવું... આ જ આપણા સંસ્કાર છે અને આજ આપણો સ્વભાવ હોવો જોઈએ..."

"ભુલો ભલે બીજુ બધુ, મા-બાપને ભુલશો નહિ..."

**- નિમિત્ત માત્ર**



ખેલ મહાકુંભ - ખેલ મહાકુંભની જિલ્લા કક્ષાની બેડમિંગ્ટન સ્પર્ધા ભારે રોમાંચક માહોલમાં સેક્ટર-૨૧ જીમખાના ખાતે યોજાઈ હતી... સ્પર્ધામાં ૬૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો...

# શાળામાં પ્રથમ સત્રાંત પરીક્ષા હવે નવરાત બાદ લેવાશે

**અતિવૃષ્ટિના સંજોગોમાં શૈક્ષણિક કાર્ય પર વિપરિત અસર થઇ હોવાના લીધે પરીક્ષાના સમયમાં ફેરફાર કરાયો : ૧૪ સપ્ટેમ્બરથી પરીક્ષા શરૂ થવાની હતી જયારે હવે ૩ ઓકટોબરથી કસોટીનો પ્રારંભ થશે**

ગાંધીનગર તા ૬

રાજયમાં અતિવૃષ્ટિના કારણે શાળાઓમાં શૈક્ષણિક કાર્ય પર વિપરિત અસર થઈ છે. જયારે ભારે વરસાદના સંજોગોમાં શાળાઓમાં રજાઓ આપી દેવાતા હજુ સુધી નિયત કોર્ષ પણ પુર્ણ થયો નથી. ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં ધોરણ -૯ થી ૧૨ ની પ્રથમ વાર્ષિક પરીક્ષાના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તા ૧૪ સપ્ટેમ્બરના બદલે હવે આગામી તા ૩ ઓકટોબરથી પરીક્ષાનો પ્રારંભ થશે.

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા મંજુર કરવામાં આવેલા વર્ષ ૨૦૧૭-૧૮ના શૈક્ષણિક કેલેન્ડર મુજબ શાળાઓમાં આગામી તા ૧૪ થી ૨૨ સપ્ટેમ્બર દરમિયાન પ્રથમ વાર્ષિક પરીક્ષા લેવાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. પરંતુ ચોમાસા દરમિયાન રાજયમાં મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદના લીધે અતિવૃષ્ટિના સંજોગોમાં ચોમેર વરસાદી પાણી ફરી વળ્યા હતા. જયારે કેટલાક વિસ્તારમાં પુરની સ્થિતિ પણ સર્જાઇ હતી. આવા સંજોગોમાં શાળાઓમાં શૈક્ષણિક કાર્યમાં વિપરિત અસર થઇ હતી. જયારે ભારે વરસાદના સંજોગોમાં શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રહેતા વિદ્યાર્થીઓને હજુ અભ્યાસક્રમ મુજબનુ શિક્ષણ આપી શકાયુ નથી. અલબત્ત કોર્ષ પુરો કરી શકાયો નથી. જેના લીધે હાલની સ્થિતિએ પરીક્ષાનુ આયોજન કરવાનુ ઉચિત ન હોવાનુ પણ શિક્ષણ વિભાગ માની રહયુ છે. જેને અનુલક્ષી આગામી પરીક્ષાની તારીખમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ આર આઈ પટેલના જણાંવ્યા મુજબ રાજયની શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ માં આગામી તા ૧૪ સપ્ટેમ્બરથી ૨૨

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફલુના બે કેસ મળ્યા

**બદલાયેલા વાતાવરણને પગલે કેસોની સંખ્યા પણ ઘટી**

ગાંધીનગર, તા. ૬

એક દિવસના વિરામ બાદ ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે સ્વાઈન ફલુ પોઝીટીવના બે દર્દી મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા ૧૩૩ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે કલોલ

● અનુસંધાન પાન-૭ પર

### શહેરમાંથી પણ વધુ ૨ કેસ સ્વાઈન ફલુના મળ્યા

ગાંધીનગર શહેરમાંથી સ્વાઈન ફલુ પોઝીટીવના બે દર્દી મળી આવ્યા છે. આ સાથે સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા ૪૨ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલ બંને દર્દી બાળકો છે. સે-૨૨ના છ ટાઈપમાંથી એક પંદર વર્ષીય દિકરીને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. આ ઉપરાંત જીઈબી છાપરામાંથી એક છ વર્ષીય દિકરાને સ્વાઈન ફલુ આજે પરીક્ષણ દરમિયાન પોઝીટીવ જણાયેલ છે. બંને દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

# બનાસકાંઠામાં રોગચાળાની ભીતિને પગલે આરોગ્યતંત્રની ટીમોના ધામા

ગાંધીનગર, તા. ૬

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદ પછી સર્જાયેલ જળ હોનારત બાદ હવે રોગચાળાની પરિસ્થિતિ ઉભી થવાના ભયને લઈ રાજયના આરોગ્યતંત્રની ટીમોને ત્યાં ઉતારવામાં આવી છે.

આ વિસ્તારોમાં મેલેરિયા, તાવ, શરદીના દર્દીઓ મોટી સંખ્યામાં મળી રહ્યા હોવાથી રાજ્ય સરકારે સંયુક્ત નિયામકશ્રીના દરજ્જાના ઉચ્ચ અધિકારીના વડપણ હેઠળ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આરોગ્યની ટીમોને ત્યાં ઉતારી દીધી છે.

જળસંકટ વખતે પણ ત્યાં તબીબી અધિકારીઓની ટીમો ઉતારવામાં આવી હતી. આ પછી થોડાક દિવસના વિરામ બાદ પુનઃ આરોગ્યની ટીમો બનાસકાંઠા મોકલવામાં આવી છે.

રાજ્યના આરોગ્ય વિભાગમાં કોઈ આ વિશે કંઈજ કહેવા તૈયાર

● અનુસંધાન પાન-૭ પર

# ઓપન એર થિયેટરમાં સ્વચ્છતાના નામે મીંડુ

**રાત્રિના સમયે અસામાજિક તત્વોનો અડ્ડો : સફાઇ તેમજ સિક્યુરીટીની વ્યવસ્થા અંગે તંત્રની નિરસતા : લાખોના ખર્ચે નિર્માણ કરાયેલુ ઓપન એર થિયેટર વર્ષોના અંતે પણ લોકઉપયોગી બની શક્યુ નથી**

ગાંધીનગર તા ૬

શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ઓપન એર થિયેટર ખાતર માથે દિવા સમાન સાબિત થયુ છે. ઓપન એર થિયેટર આખુ વર્ષ બુકીંગના અભાવે ખંડેર બનતુ જાય છે. તેમાંય તંત્ર દ્વારા સફાઇ કામગીરી પણ બંધ કરી દેવાતા ઓપનએર થિયેટરમાં ગંદકીના ઢગ ખદબદી રહયા છે. જયારે ચોકી પહેરાના અભાવ વચ્ચે થિયેટરમાં રાત્રિના સમયે અસામાજિક તત્વો અડ્ડો જમાવતા અનેક દુષણો પાંગરી રહયા હોવાનુ સ્પષ્ટ થયુ છે.

ગાંધીનગરમાં હાર્દ સમા ઘ-૫ વિસ્તારમાં ઓપન એર થિયેટરનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. સાંસ્કૃતિક કાર્યક્રમો સહીત લગ્ન સમારંભના ઉપયોગમાં લઈ શકાય તેવા હેતુથી નિર્માણ કરાયેલા ઓપન એર થિયેટર પાછળ અંદાજિત રૂ ૫૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેમાં સ્ટેજ અને બગીચા સાથે કલાકારો માટે ગ્રીન રૂમ તેમજ ટોઈલેટ બ્લોક અને પાર્કીંગની પણ યોગ્ય સુવિધા કરવામાં આવી છે. જો કે ઓપન એર થિયેટરના નિર્માણ બાદ વર્ષોના અંતે પણ સરકારી ચોપડે કોઈ ખાસ બુકીંગ ન મળતા થિયેટર બિન ઉપયોગી હાલતમાં ખંડેર બનતુ જતુ હોવાનુ સ્પષ્ટ થયુ છે. ઓપન એર

● અનુસંધાન પાન-૭ પર



તપસ્વીઓનો વરઘોડો - સેક્ટર-૨૧ દિગંબર જૈન દેરાસર ખાતે પર્યુષણના તપસ્વીઓનો વરઘોડો ભારે ધામધૂમથી નિકળ્યો હતો... દિગંબર જૈન સંઘના ૧૧ તપસ્વીઓએ તપ આરાધન કરી હતી... જેને બિરદાવવા સમાજના તમામ પરિવારો વરઘોડામાં મોટી સંખ્યામાં જોડાયા હતા...

# ટાઉનહોલના એ સી પ્લાન્ટના સમારકામ માટે રીટેન્ડરીંગની પ્રક્રીયા હાથ ધરાશે

**પ્રથમવાર ટેન્ડર પ્રક્રીયાના અંતે એક પણ એજન્સીએ રસ ન દાખવ્યો**

ગાંધીનગર તા ૬

ગાંધીનગરના ટાઉનહોલમાં એ સી પ્લાન્ટના રીપેરીંગનુ કામ કરવા માટે તંત્ર દ્વારા હાથ ધરાયેલી ટેન્ડર પ્રક્રીયાના અંતે એક પણ એજન્સીનુ ટેન્ડર ઈન્વાઈટ ન થતા આખરે તંત્ર દ્વારા રીટેન્ડરીંગ કરવાનો નિર્ણય લેવાયો છે. દાયકાઓ જુના પ્લાન્ટનુ રીપેરીંગ તેમજ જાળવણીનુ કામ સંભાળવાનુ કામ જટીલ હોવાના લીધે એજન્સીઓ પણ આ કામ કરવામાં રસ ન દાખવતી હોવાનુ સ્પષ્ટ થયુ છે.

ગાંધીનગરનો ટાઉનલહોલ લાંબા સમયથી મરણપથારીએ છે. ટાઉનહોલના નિર્માણ બાદ વર્ષોના અંતે પણ હોલનુ રીનોવેશન કરી શકાયુ નથી. ટાઉનહોલના રીનોવેશન માટે બજેટમાં રૂ ૮ કરોડની જોગાવાઈ કરવામાં આવી છે. જો કે હજુ હોલના રીનોવેશન માટેની કાર્યયોજન આખરી થઈ નથી. ટાઉનહોલના રીનોવેશન માટેની યોજના લાંબા સમયથી કાગળ પર આખરી થઈ શકી નથી. હોલના રીનોવેશનને અનુલક્ષી ડીઝાઈન તેમજ નકશા પણ આખરી થઈ શક્યા નથી. જયારે બીજીતરફ ટાઉનહોલનુ એ સી પણ કંગાળ હાલતમાં હોવાથી કાર્યક્રમ દરમિયાન બફારો અનુભવતા શ્રોતાઓને પણ મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. આવા સંજોગોમાં ટાઉનહોલના રીનોવેશન પ્રોજેક્ટ સાકાર થતા હજુ પણ સમય લાગે તેમ છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા આમ નાગરિકો તેમજ કાર્યક્રમના આયોજકોની મુંઝવણ દુર કરવા માટે એ સી પ્લાન્ટનુ સમારકામ હાથ ધરવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જેની મંજુરીના અંતે ટાઉનહોલમાં એ સી પ્લાન્ટના સમારકામ માટે અંદાજિત રૂ ૨૦ લાખના ખર્ચેને મંજુરી આપવામાં આવી હતી. રીપેરીંગની સાથે જાળવણીની જવાબદારી પણ એજન્સીને સોંપવા માટે તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીય હાથ ધરવામાં આવી હતી. જયારે ટેન્ડર પ્રક્રીયાના અંતે એક પણ એજન્સીનુ ટેન્ડર ઈનવાઈટ ન થતા આખરે તંત્ર દ્વારા રીટેડેન્ટરીંગ કરવાની નોબત આવી છે. ટાઉનહોલનો એ સી પ્લાન્ટ વર્ષો જુનો છે. ત્યારે સમારકામ સહીત જાળવણીનુ કામ જટીલ હોવાનુ સ્પષ્ટ થયુ છે.

# નર્મદા થકી ૨૪x૭ પેયજળની યોજના અમલી બનશે : મેયર

**શહેરમાં નર્મદા મહોત્સવની ઉજવણીનો સે-૨૭થી આરંભ થયો : ધારાસભ્ય, પ્રભારી મંત્રીની ગેરહાજરી સેકટરના વસાહતીઓમાં ચર્ચાનો મુદ્દો બની : સંગઠનના હોદ્દેદારોની પણ પાંખી હાજરી : શહેર પ્રભારી નારાજ થયા**

ગાંધીનગર, તા.૬

આગામી દિવસોમાં નર્મદાના નીર થકી ગાંધીનગર શહેરમાં ૨૪x૭ પેયજળનો પુરવઠો આપવાની યોજના અમલમાં આવવાની છે. ત્યારે નર્મદા મહોત્સવની ઉજવણી એ ગાંધીનગરનો ઉત્સવ બને તે સ્વાભાવિક છે. એમ મેયર પ્રવિણ પટેલે આજે ગાંધીનગર શહેરમાં નર્મદા રથની પરિક્રમાનો પ્રારંભ કરાવતાં કહ્યું હતું.

આ પ્રસંગે ડે.મ્યુનિ. કમિશનર જે.બી. બારૈયાએ ૭૦ વર્ષ દરમિયાન અનેકવિધ અવરોધોમાંથી પસાર થયેલી યોજનાના સંપૂર્ણકામનો સૌ ગુજરાતીઓને આનંદ છે અને આ આનંદની અભિવ્યકિત એટલે જ નર્મદા મહોત્સવ.

સે-૨૭ના શિવશકિત મંદિરના ચોકમાં યોજાયેલ જનસભામાં મહાનુભાવોએ તેમના સંક્ષિપ્ત પ્રવચનમાં નર્મદાથી ગાંધીનગરને થનારા ફાયદાઓ જણાવ્યા હતા.

આજે શહેરમાં નર્મદા રથની પરિક્રમાનો પ્રારંભ કરાવવાનો હતો પરંતુ ધારાસભ્ય અશોક પટેલ તેમજ કેટલાક કાઉન્સીલરો અને સંગઠનના અગ્રણીઓની ગેરહાજરી એ સે-૨૭ના વસાહતીઓમાં ચર્ચાનો મુદ્દો બની હતી. સ્થાનિક અગ્રણીઓની ગેરહાજરીથી પ્રભારી પૃથ્વીરાજભાઈ પટેલ નારાજ થયા હતા.

આ યાત્રાનો પ્રારંભ આમ તો

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાત સરકાર અને વિશ્વખ્યાત કંપની ગૂગલ ઈન્ડીયા વચ્ચે એમઓયુ થયા

**એમઓયુથી ગુજરાતને થશે અનેક લાભ**

ગાંધીનગર, તા. ૬

'ડિજીટલ ગુજરાત'ના પ્રયાસોને ફાસ્ટ-ટ્રેક પર લાવવાના ઉદાત હેતુથી ગુજરાત સરકારે ઈન્ટરનેટ ક્ષેત્રની વિશ્વવિખ્યાત કંપની ગુગલ ઈન્ડિયા સાથે એમઓયુ કર્યા છે.

પ્રધાનમંત્રીના ડિઝીટલ ઈન્ડીયાના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત ડિઝીટાઈઝેશનના આ એમઓયુ અગ્રેસર બન્યુ છે.

ગાંધીનગરમાં આ એમઓયુ ગુગલ ઈન્ડીયાના પબ્લિક પોલિસી ડિરેકટર ચેતન ક્રિષ્ણાસ્વામી તથા મુખ્ય સચિવ ડો.. જે. એન. સિંહ, તેમજ પ્રવાસન, શ્રમ-રોજગાર, ઉચ્ચશિક્ષણ, ગ્રામ વિકાસ અને સાયન્સ ટેકનોલોજીના અગ્રસચિવોની ઉપસ્થિતિમાં સંપન્ન થયા હતા.

આ એમઓયુ અન્વયે ગ્રામીણ મહિલાઓને ડિજીટલ વિશ્વથી માહિતગાર કરવા ગુગલ ઈન્ડિયા ગુજરાત સરકાર સાથે મળીને પ્રયાસ કરશે. ગુગલ ઈન્ડિયા 'ઈન્ટરનેટ સાથી' કાર્યક્રમ અંતર્ગત મહિલાઓ અને બાળકોને રોજિંદા જીવનમાં ઈન્ટરનેટનો ઉપયોગ કેવી રીતે કરવો તેની તાલીમ પણ પૂરી પાડશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com